# સેક્ટર-૬માં ૫૬૦ આવાસોનું લોકાર્પણ

**સે-૬ માં નવી આવાસ યોજનાને વીર ભગતસિંહ નગર વસાહત નામ અપાયુ : શહેરમાં હાલ ૧૪૫૬ આવાસોનુ નિર્માણ કાર્ય પ્રગતિ હેઠળ : એક દિકરી પાસે કુંભઘડો મુકાવી નવા આવાસોમાં ગૃહ પ્રવેશ : નવા ૫૬૦ આવાસોનુ લોકાર્પણ કરાયુ : મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આવાસોની સુવિધાઓનુ બારીકાઇ પુર્વક નિરિક્ષણ કર્યુ**





ગાંધીનગર તા ૨

શહેરના સે-૬ માં નવા ૫૬૦ આવાસોનુ આજે મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ કરાયુ હતુ આ તબક્કે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે આવાસોને અનુલક્ષી ઉભી કરવામાં આવેલી સુવિધાઓનુ બારીકાઈથી નિરિક્ષણ કર્યુ હતુ. નવા આવાસોની વસાહતને વીર ભગતસિંહ નગર વસાહત નામ આપવામાં આવ્યુ છે. નવા આવાસો કર્મયોગીઓને ફાળવી દેવાતા તંત્રના ચોપડે લાંબા સમયથી મોટી થયેલી પ્રતિક્ષા યાદી પણ હળવી થશે.

સે-૬ માં સરકારના કર્મચારીઓ માટે નિર્માણ કરાયેલા ૫૬૦ આવાસોનુ આજે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે લોકાર્પણ કરાયુ હતુ. બહુમાળી આવાસોના નિર્માણ પાછળ રૂ ૧૪૯.૮૦ કરોડનો ખર્ચ કરાયો છે. ગાંધીનગરમાં છેલ્લા પાંચ વર્ષમાં રૂ ૨૧૯ કરોડના ખર્ચે ૧૧૨૦ સુવિધાસભર આવાસોનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. જયારે હાલ ૧૪૫૬ આવાસોનુ નિર્માણ કાર્ય પ્રગતિ હેઠળ છે. અત્યાર સુધી શહેરના સે-૭ , સે-૨૯ અને સે-૩૦ માં નવા આવાસો તૈયાર થયા બાદ હાલ આ આવાસોમાં કર્મચારીઓનો વસવાટ પણ છે. કર્મચારીઓ તેમજ તેમના પરિવારજનોને સુવિધાયુક્ત આવાસો પુરા પાડવા માટે તબક્કવાર આયોજન કરવામાં આવી રહ્યુ છે. જયારે આજે સે-૬ માં બી કક્ષાના ૨૮૦ અને સી કક્ષાના ૨૮૦ આવાસોનુ લોકાર્પણ કરવામાં આવતા તંત્રના ચોપડે લાંબી થતી આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદીને પણ ન્યાય મળશે. આ આવાસોમાં પ્રતિક્ષા યાદીમાંથી ૨૫૦ નુ વેઈટીંગ ઓપરેટ થશે. સે-૬ ના આવાસોનુ લોકાર્પણ કરતી વેળાએ મુખ્યમંત્રીએ કુંભઘડો મુકાવી ગૃહ પ્રવેશ કરાવ્યો હતો. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સી કક્ષાના બ્લોકની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી આ દરમિયાન તેમણે આવાસલક્ષી સુવિધાનુ બારીકાઈથી નિરિક્ષણ કર્યુ હતુ. આવાસ યોજનાને અનુલક્ષીને વીટ્રીફાઈલ્ડ ટાઈલ્સ, ફીક્સ ફર્નિચર , પી એન જી પાઈપ લાઈનનુ જોડાણ, ફાયર સેફટી સિસ્ટમ, લીફટ, ચિલ્ડ્રન પ્લે એરિયા, ગાર્ડન , વિશાળા પાર્કીંગ અને સિક્યુરીટી કેબીન સહીતની સવલતો અંગે પણ તેમણે જાણકારી મેળવી હતી. આ તબક્કે પાંચ કર્મયોગીઓને આવાસ ફાળવણી પત્રનુ વિતરણ પણ કર્યુ હતુ. આ સરકારી વસાહતને વીર ભગતસિંહ નગર નામ આપવામાં આવ્યુ છે. શહેરમાં અગાઉ નિર્માણ કરાયેલા આવાસો અન્વયે પણ શ્યામજીકૃષ્ણ વર્મા, વીર સાંવરકર નગર , વંદેમાતરમ પાર્ક નામ આપવામાં આવ્યુ છે. જયારે આ ૧૧૨૦ આવાસોના નિર્માણ પાછળ રૂ ૨૧૯ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે હાલની સ્થિતિએ ૧૪૫૬ આવાસો તૈયાર કરવાનુ કામ પ્રગતિ હેઠળ છે. આવાસ લોકાર્પણ પ્રસંગે માર્ગ મકાન મંત્રી પુર્ણેશ મોદી, સાંસદ નરહરિ અમીન, મેયર હીતેશ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલ , માર્ગ મકાન વિભાગના સચિવ સંદીપ વસાવા, મુખ્ય ઈજનેર પટેલિયા તેમજ શહેર ભાજપના પ્રમુખ રૂચિર ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

## આગામી ૨૦૩૦ સુધીમાં શહેરમાં ૫ હજાર નવા આવાસો તૈયાર કરાશે માર્ગ મકાન મંત્રી

**હાલ નવા આવાસો બાંધવા માટે ખાલી જગ્યાનો સર્વે શરૂ કરાયો ટુંકમાં સ્થળ પસંદગીના અંતે કામ શરૂ કરાશે : મંત્રી પુર્ણેશ મોદી**

ગાંધીનગર તા ૨

શહેરમાં આગામી દિવસોમાં નવા આવાસોના નિર્માણનુ કામ ઝડપથી હાથ ધરવામાં આવશે જયારે બાકી રહેતા તમામને સુવિધાયુકત આવાસ મળી રહે તે દિશામાં આયોજન કરવામાં આવી રહ્યુ છે. આગામી વર્ષ ૨૦૩૦ સુધીમાં પાંચ હજાર જેટલા નવા આવાસો બાંધવામાં આવશે. જયારે હાલ પણ શહેરમાં ખાલી જગ્યાનો સર્વે હાથ ધરી ટુંકમાં જ નવા આવાસો બાંધવા માટે સ્થળ પસંદગી કરી દેવાશે. તેમ માર્ગ મકાન મંત્રી પુર્ણેશ મોદીએ આજે આવાસોના લોકાર્પણ પ્રસંગે જણાંવ્યુ હતુ.

શહેરમાં એકબાજુ જુના અને જર્જરિત આવાસો તોડવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જોખમી આવાસો આમ પણ રહેણાંકને લાયક રહ્યા નથી ત્યારે તેને તોડીને નવા મકાનો બાંધવામાં આવી રહ્યા છે. જેના લીધે હાલની સ્થિતિએ શહેરમાં રહેણાંકને લાયક મકાનોની સંખ્યા નહીંવત છે. જેથી તંત્રના ચોપડે આવાસ ઉચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. સે-૬ માં લાંબ સમયથી આવાસોના નિર્માણનુ કામ ચાલી રહ્યુ છે. જયારે આ આવાસો તૈયાર થતા આજે આ નવા મકાનોનુ લોકાર્પણ કરાયુ હતુ. નવા આવાસોના લોકાર્પણ પ્રસંગે માર્ગ મકાન મંત્રી પુર્ણેશ મોદીએ કર્મચારીઓને શુભેચ્છા પાઠવી હતી. તેમણે આ તબક્કે વધુમાં જણાંવ્યુ હતુ કે આવાસમાં માત્ર મકાન બને તેટલુ પુરતુ નથી ૨૪ કલાક વિજળી,

● અનુસંધાન પાન-૩ પર

## હજુ ૭મી નવેમ્બર સુધી બેવડી ઋતુનો અનુભવ થશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં ૭મી નવેમ્બર સુધી બેવડી ઋતુનો અનુભવ લોકોને થશે. દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગ દ્વારા હવામાન પૂર્વાનુમાન જાહેર થયુ છે.

હવામાન-પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૬૨માં જણાવ્યા પ્રમાણે તા. ૩ નવે.થી ૭ નવેમ્બર-૨૦૨૧ સુધી આકાશ મોટા ભાગે વાદળછાયુ રહેશે. વરસાદ પડવાની શક્યતા નથી. આ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે મહત્તમ તાપમાન ૩૫-૩૬ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૧૭-૧૮ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૨૦ થી ૪૧ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૦ થી ૧૨ કિ.મી. પ્રતિ કલાક રહેવા શક્યતા છે.

હવે આ સપ્તાહમાં પવનના સુસવાટાથી વાતાવરણમાં ઠંડક રહેશે. આસો મહિનો અડધો પુરો થવા આવ્યો પણ હજુ દિવસે પંખાની જરૂર પડી રહી છે.

જિલ્લામાં આ વખતે ચોમાસાની વિદાય મોડી થઈ હોવાથી હજુ ખેતરોમાં રવિપાક ઉભો છે. શ્રમિકોની અછત પણ દિપાવલીને લઈ ખેડૂતોને પડી રહી છે. રવિ સીઝનની વાવણી મોડી થશે એ સ્પષ્ટ થઈ ચુક્યુ છે. ખરીફ પાકની કાપણીમાં દિપાવલી પછી વેગ આવશે અને યાર્ડોમાં નવા ઉત્પાદનની આવક પણ વધશે તેમ મનાઈ રહ્યુ છે.

## શહેર અને જિલ્લામાં કોરોના વેક્સિનેશન અભિયાન ધીમુ પડ્યુ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં કોરોના વેક્સિનેશનની કામગીરી ધીમી પડી જવા પામી છે. શહેર-જિલ્લામાં આજે માત્ર ૪૮૦૦ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪૧૮૪ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. ગ્રામ્ય વિસ્તારમાં ૮,૧૪,૩૯૩ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે. જ્યારે ૪,૯૨,૮૫૧ લોકોને વેક્સિનના બન્ને ડોઝ આપવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે ૬૭૪ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. જેમાં ૩,૬૨,૧૪૩ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ અને ૨,૨૧,૯૬૨ લોકોને વેક્સિનના બન્ને ડોઝ આપી દેવામાં આવ્યા છે.

દિપાવલીના પર્વો અને રજાનો માહોલ હોવાથી કામગીરી ધીમી પડી હોવાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે. દિપાવલીના પર્વો પછી શહેર-જિલ્લામાં હાઉસ ટુ હાઉસ વેક્સિનેશન અભિયાન સઘન બનાશે અને ઝડપથી વેક્સિનના બીજા ડોઝની કામગીરી પણ પૂર્ણ કરવામાં આવશે તેમ તંત્રના સૂત્રો દાવો કરી રહ્યા છે.

શહેર-જિલ્લામાં અત્યારે વેક્સિનનો બીજો ડોઝ લેનારા લાભાર્થીઓ વધુ નોંધાઈ રહ્યા છે. જો કે વેક્સિનનો વિરોધ કરનારાઓને સમજાવી અને તેમને વેક્સિન સુરક્ષીત હોવાની વાતને ગળે ઉતારી ઘણા બધા લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ પણ અપાઈ રહ્યો હોવાનું આ સૂત્રોએ સ્વકાર્યુ છે.

## દહેગામમાં ચીફ ઓફિસરની ખાલી પડેલી જગ્યા ભરી દેવાઈ

ગાંધીનગર, તા. ૨

દહેગામ ન.પા.ના ચીફ ઓફિસરની ખાલી જગ્યા આજે ભરાઈ જવા પામી છે. છેલ્લા થોડાક દિવસથી આ જગ્યા ખાલી હતી.

રાજયના શહેરી વિકાસ વિભાગે આજે મોડી સાંજે ન.પા.ના ચીફ ઓફિસરોની બદલીના હુકમો જારી કર્યા છે. વિભાગે આજે ૩૩ ચીફ ઓફિસરોની બદલી કરી છે.

દહેગામ ન.પા.ના ચીફ ઓફિસર તરીકે મુકેશભાઈ એમ. વાઘેલાની નિયુક્તી કરવામાં આવી છે. તેઓ જુનાગઢ જિલ્લાની બાંટવા ન.પા.માં ચીફ ઓફિસર તરીકે ફરજો બજાવતા હતા જે નોંધનીય છે. વાઘેલા દિપાવલી પછી તુરત જ તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળશે તેમ મનાઈ રહ્યુ છે.

## ચિલોડા નજીક બનાવટી માવાનો વેપાર ધમધમતો હોવાની ફરિયાદો

**આરોગ્ય સામે ખતરો : તંત્ર દ્વારા વારે તહેરવારે નાટકીય ઝુંબેશ કરવાના બદલે બજારમાં વેચાણ થતી ખાદ્યસામગ્રી સંદર્ભે સમયાંતરે આકસ્મિક તપાસ કરવી અનિવાર્ય**

ગાંધીનગર તા ૨

દિવાળના તહેવારમાં બજારમાં વેચાણ થતી મીઠાઈની ગુણવત્તા સામે અનેકવાર સવાલો મંડરાય છે. બીજીતરફ તંત્ર દ્વારા વારે તહેવારે કેટલાક ઠેકાણેથી નમુના લઈ ઝંબેશ આટોપી લેવામાં આવતા બજારમાં વેચાણ થતી માવાની મીઠાઈ સામે હજુ સવાલો શમ્યા નથી. આ સ્થિતિ વચ્ચે ગાંધીનગરમાં પણ આ મામલે દિવા તળે અંધારુ હોય તેવા દ્રશ્યો સામે આવ્યા છે. ચિલાડા પાસે બનાવટી માવો બનતો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આ મામલે પણ યોગ્ય તપાસ થાય તેવો સુર ઉઠવા પામ્યો છે.

ગાંધીનગર તેમજ આસપાસના વિસ્તારમાં હાલ બજારમાં મળતી મીઠાઈની ગુણવત્તા સામે અનેક સવાલો મંડરાયા છે. દિવાળીના તહેવાર ટાંણે પૈસા ખર્ચીને મોઘીદાટ મીઠાઈ ખરીદતા નાગરિકોના આરોગ્ય સામે ખતરો મંડરાયો છે. ખાદ્યસામગ્રીમાંથી આ પ્રકારનો માવો બનાવાતો હોવાની વાત પણ સામે આવી છે. સોશિયલ મીડીયામાં પણ માવા કાંડના ફોટા હોવાના અહેસાસ કરાવતી આ ઝુંબેશ અસરકારક નહી પરંતુ નાટકીય પુરવાર થઈ રહી હોવાનો જન આક્રોશ પણ પ્રબળ બન્યો છે.





બીજીતરફ બજારમાં વેચાણ થતી મીઠાઈ તૈયાર કરવા માટે શહેર નજીક ચિલોડા પાસે જ બનાવટી માવો તૈયાર થતો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આ ઠેકાણે ચણાનો લોટ , તેલના ડબ્બા સહીતની ફરતા થયા છે. દિવાળી ટાંણે ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગનો ખાદ્ય સામગ્રીમાં ગુણવત્તાની ચિંતા થાય છે. રાજયના અનેક શહેરોમાં નાટકીય ઝુંબેશનો દૌર ચાલે છે. આમ નાગરિકોને તંત્ર જાગૃત તથાકથિત માવા કાંડને ઢાંકવા માટે ..મલાઈ.. પીરસાતી હોવાની ચર્ચા સાથે જાગૃત નાગરિકો આક્રોશ ઠાલવી રહ્યા છે. પાટનગરમાં પણ આ મામલે દિવા તળે અંધારુ છે.

● અનુસંધાન પાન-૩ પર

## કોવિડ-૧૯થી મૃત્યુ વિષયક બાબતની ખાત્રી માટે સમિતિ રચાઈ

ગાંધીનગર, તા. ૨

કોવિડ-૧૯ મૃત્યુ વિષયક ખાતરી સમિતિની રચના કરવાનો રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કરેલ છે.

રાજ્યના આરોગ્ય વિભાગે આ અંગે એક પરિપત્ર જારી કર્યો છે. જેમાં જિલ્લાકક્ષાએ અધિક નિવાસી કલેક્ટરશ્રીના અધ્યક્ષપદે આ સમિતિની રચના કરાઈ છે. જેમાં મુખ્ય જિલ્લા તબીબી અધિકારી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી પ્રોફેસર (મેડીકલ કોલેજ), સંલગ્ન મેડીકલ જ ના કોમ્યુનીટી મેડિસિન વિભાગના પ્રાધ્યાપકનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે મનપા માટે નાયબ મ્યુનિ. કમિશનર (આરોગ્ય) મુખ્ય જિલ્લા તબીબી અધિકારી, આરોગ્ય અધિકારી તેમજ મેડીકલ કોલેજના અધ્યાપક અને કોમ્યુનીટી મેડિસિનના અધ્યાપક સમિતિના સભ્ય રહેશે. આ સમિતિ દ્વારા કોવિડમાં મૃત્યુ પામનારાઓની ખાત્રી કરશે એટલુ જ નહિ આ અંગે જરૂરી વિગતો સાથે પોતાનો અહેવાલ સરકારને આપશે. સુપ્રિમ કોર્ટના ચુકાદાને પગલે ભારત સરકારના આરોગ્ય મંત્રાલયે આ અંગે ખાત્રી સમિતિની રચના કરવા સૂચવ્યુ હતુ જેનો અમલ રાજ્ય સરકારે પણ કરવાનો નિર્ણય કર્યો છે. આ સમિતિએ કઈ કાર્યપદ્ધતિને અનુસરવાની છે તેની પણ વિગતો પરિપત્રમાં આપવામાં આવી છે. મૃતકના પરિવારના સભ્યો પાસે મૃત્યુનું કારણ ઉપલબ્ધ ના હોય કે સુપ્રીમ કોર્ટના નિર્દેશ પ્રમાણે પરિસ્થિતિમાં સમાવેશ ના થયો હોય અને મૃત્યુના કારણથી સંતુષ્ટ ના હોય અને કોરોનાથી મૃત્યુ પામેલા સ્વજનોના દસ્તાવેજ કે પ્રમાણપત્ર મેળવવા માગતા હોય તેઓ કલેક્ટરને આ અંગે અરજી કરી શકશે. રજિસ્ટ્રારે અરજદારને મૃત્યુ પામ્યાનું કારણ નહીં હોવાનું સર્ટિફિકેટ આપવું પડશે.

**બેસણું**



અમારા માતૃશ્રી
**જોઈતીબેન શીવાભાઈ પટેલ નું**
આજરોજ તારીખ ૦૨/૧૧/૨૦૨૧ ને મંગળવાર ના રોજ અક્ષર નિવાસી થયેલ છે.

**સદ્ગત નુ બેસણું**
તા.૦૭-૧૧-૨૦૨૧ રવિવાર ના રોજ રાખેલ છે.
સમય : સવારે ૮:૩૦ થી ૧૧:૩૦ કલાકે
-: સ્થળ :-
પંચવટી સોસાયટી, તળાવના કિનારે
મુ.પો. ચિલોડા મોટા, તા. જી. ગાંધીનગર.

પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
લિ.

| | |
|---|---|
| પટેલ અમરતભાઈ શીવાભાઈ | ૯૯૭૮૭૮૩૦૭૬ |
| પટેલ મનુભાઈ શીવાભાઈ | ૯૪૨૭૩૦૪૧૩૮ |
| પટેલ નટવરભાઈ શીવાભાઈ (પત્રકાર) | ૯૮૯૮૯૪૬૯૫૮ |

**સાતમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



**સ્વ. બાબુભાઈ મંગળભાઈ પરમાર**
સ્વ. તા. ૩/૧૧/૨૦૧૪ (ગામ-બોરીજ)

પરિવાર જેમનું મંદિર હતું. સેવા જેમની પૂજા હતી, સ્નેહ જેમની શક્તિ હતી, સદ હસતો ચહેરો જેમની ઓળખ હતી તેવા દિવ્ય આત્માને કોટિ કોટિ વંદન.
પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...
લી.
પુષ્પાબેન બાબુભાઈ પરમાર (પત્ની)
ચેતના (પુત્રી) સમીરકુમાર (જમાઈ)
ટ્વિંકલ (પુત્રી) નિરવ (પુત્ર)

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com